# મુકિતધામ ખાતે ૨૦૦ કોરોના પોઝીટીવ મૃતકોના અગ્નિસંસ્કાર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરની સાબરમતિ નદીના કિનારે આવેલા મુકિતધામ ખાતે છેલ્લા પાંચ માસમાં કોરોના પોઝીટીવ મૃતક ૨૦૦ દર્દીઓના અંગ્નિ સંસ્કાર આવ્યા છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામેલા અમદાવાદ, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના મૃતકોના અગ્નિ સંસ્કાર પણ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યા છે.

કોરોનાનો કહેર યથાવત રહેવા પામ્યો છે. રાજયમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. તો કોરોનાને પગલે દર્દીઓએ જીવ ગુમાવવાનો વારો પણ આવે છે.મળતી વિગત મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલમાં અંદાજીત ૧૫૦ થી વધુઓ કોરોનાની સારવાર લઈ રહ્યા છે, તો બીજીતરફ ગાંધીનગરની આસપાસ આવેલી ખાનગી હોસ્પિટલો પણ કોરોનાના દર્દીઓથી ભરચક છે. જેમાં કેટલાક કોરોના દર્દીઓ સારવાર બાદ સ્વસ્થ બનીને પોતાના ઘરે પરત ફરે છે. જયારે કેટલાક દર્દીઓને કોરોના ભરખી જાય છે. સ્થાનિક તંત્રના આંકડા મુજબ ગાંધીનગરના ૧૩૦ મૃતકો તેમજ શહેરની આસપાસ આવેલી ખાનગી કોવીડ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ પામેલા અન્ય જિલ્લાના ૭૦ મૃતકોના અગ્નિસંસ્કાર મુકિતધામ ખાતે કરવામાં આવ્યા છે. આમ ગાંધીનગરના અંતિમ ધામમાં અત્યાર સુધી કોરોનાથી મૃત્યું પામેલા ૨૦૦ મૃતકોના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા છે. દેશ અને દુનિયામાં છેલ્લા પાંચ માસથી કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો છે. ભારતમાં પણ રોજ બરોજ કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે ગુજરાતમાં પણ રોજ કોરોનાના દર્દીઓની સંખ્યા વધતી જાય છે. આવા સંજોગોમાં કોરોના સંક્રમણને લઈને દર્દીઓમાં રીકવરી રેસીયો વધી રહ્યો છે તે સારી બાબત છે પરંતુ હજુ પણ કોરોનાને કાબુમાં લેવા નાગરીકોએ સ્વયંશિસ્ત દાખવવી પડશે. પાટનગરમાં પણ કોરોનાનું સંક્રમણ વધતા નાગરીકો વધુ સચેત બન્યા છે.ત્યારે કોરોનાનો ભોગ બનેલા ૨૦૦ જેટલા મૃતકોના અગ્નિસંસ્કાર પણ નગરના અંતિમધામમાં કરવામાં આવ્યા છે.

## ખૂણેખાંચરેથી

● આજે વહેલી સવારથી શરૂ થયેલ ઝરમરિયા વરસાદમાં દાળવડા-ભજીયાંની લારીઓ પર ઘરાકી જામેલી રહી હતી.

● ગાંધીનગર શહેરમાં પણ આંતરિક માર્ગો તુટવા પામ્યા છે અને મુખ્ય માર્ગો પર માર્ગનું ધોવાણ થતાં વાહનચાલકોની ફરિયાદો વધી છે.

● ગાંધીનગર શહેરી મેલેરીયાતંત્રએ વાહકજન્ય રોગને નિયંત્રણમાં રાખવા માટે ૧૯ જેટલા સેક્ટરોમાં વરસાદી પાણી ભરાયેલા ૬૫૯૫ જેટલા નાના-મોટા ખાડા-ખાબોચીયાને આવરી લઈ તેમાં ૧૩૦ લીટર બળેલા ઓઈલ તથા ૧૫ લીટર બી.ટી.આઈ. વાપરવામાં આવ્યુ છે.

● જિલ્લા પંચાયત-તાલુકા પંચાયત અને મહાનગરપાલિકાના નવા સીમાંકનો તૈયાર કરવા માટેની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

● સાબરમતી નદી પર બાંધવામાં આવેલ ધરોઈ ડેમમાં પાણીની સપાટી સતત વધી રહી છે. એક જ દિવસમાં ડેમની સપાટી બે ફૂટ વધી છે. મળતા અહેવાલો પ્રમાણે ડેમની સપાટી ૬૧૭ ફૂટની નજીક છે. તેથી સાબરમતી નદી તટ પર આવેલા તમામ જિલ્લાતંત્રોને એલર્ટ અપાયુ છે.

● ૫ મી સપ્ટેમ્બરની ઉજવણી માત્ર સોશિયલ મિડિયાના માધ્યમથી કરવામાં આવશે. ભારત સરકારની સૂચનાઓ અંતર્ગત જિલ્લા કક્ષા સુધી આ અંગેની સૂચનાઓ મોકલી અપાઈ છે.



પૌરાણિક વેદોમાં પર્યાવરણનું મહત્વ અનેક બાબતોમાં વ્યક્ત કરવામાં આવ્યું છે. ઉપરાંત ઋગ્વેદમાં વનદેવીનું વર્ણન છે. ત્યારે અમદાવાદ જિલ્લાના માંડલ ખાતે પ્રકૃતિ દિવસની ઉજવણી રૂપે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા વનદેવી (અરણ્યી)ની પૂજા કરવામાં આવી હતી.



ગાંધીનગર સ્થિત ન્યૂ વાવોલ વિસ્તારની ‘શ્રીજી હોમ્સ સોસાયટી’ ખાતે રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સર-સંઘચાલક આદરણીય મોહન ભાગવતજીના ‘પ્રકૃતિ વંદન કાર્યક્રમ’ તેમજ ગુજરાત રાજ્યના પનોતા પુત્ર અને દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈ મોદીજીના ‘મન કી બાત?’નો કાર્યક્રમને અને વૃક્ષારોપણ માટે ‘તુલસીજીના રોપા’ વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રથમ નાગરીક એવા ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના ધવલભાઈ દવે અને ગાંધીનગર શહેર યુવા ભાજપના મંત્રી કૃતિકભાઈ ભટ્ટ સહિત શ્રીજી હોમ્સ સોસાયટીના પ્રમુખ વિરલભાઈ પંચાલ અને ઉપપ્રમુખ ગીરીશભાઈ આહીર સહીતના રહીશો સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# જિલ્લામાં આર.ટી.ઈ. અંતર્ગત પ્રવેશ મેળવવા ૪૭૦૦ થી વધુ અરજદારોનું ઓનલાઈન રજીસ્ટ્રેશન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત ૪૭૯૦ જેટલા અરજદારોએ ઓનલાઈન અરજી કરી પ્રવેશ ફાળવવા જણાવ્યુ છે. રાજય સરકારે રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ પ્રક્રિયા અંગેની જાહેરાતો ૭મી ઓગષ્ટે અખબારોમાં પ્રસિદ્ધ કરી હતી. ૧૯ ઓગષ્ટથી ૨૯ ઓગષ્ટ સુધીનો સમયગાળો આ ફોર્મ ભરીને આપવા માટે નિયત કરવામાં આવ્યો હતો. હવે ૭મી સપ્ટેમ્બર સુધી જિલ્લાકક્ષાએ તેની ચકાસણી કરી અને અરજીઓના ક્રમાંક મુજબ પ્રવેશ ફાળવવાની કામગીરી કરવામાં આવશે. ૧૧મી સપ્ટેમ્બરથી આ અંગેની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જિલ્લા શિક્ષણ સમિતિને ૪૭૯૦ જેડટલી અરજીઓ મળી છે હવે આ અંગેની ચકાસણી શરૂ થશે. ૮ દિવસમાં ચકાસણી અને ફાળવણીની પ્રક્રિયા સંપન્ન કર્યા બાદ ૧૧મીથી આ અંગેની પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ થશે.

# જિલ્લાતંત્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ બદલીનો ગંજીફો ચીપાયો

સ્થાનિક સ્વરાજ્યની આવી રહેલી ચૂંટણીઓના પડઘમ વાગતાં જ તંત્રએ પણ આ માટેની તૈયારીઓ આરંભી દીધી છે. નિયત સમયે જ પંચાયતોની ચૂંટણીઓ યોજવાના નિર્દેશોને પગલે જિલ્લાતંત્ર દ્વારા મતદારયાદી અંગે તેમજ ચૂંટણીની કામગીરી માટે મંજૂર થયેલ નાયબ મામલતદારોની જગ્યાઓ પર નિમણુંક આપતા હુકમો કર્યા છે.

તાત્કાલિક અસરથી આ જગ્યાઓ પર નિમણુંક પામેલ કર્મયોગીઓએ સોમવાર સુધીમાં તેમની આ નવી કામગીરી સંભાળી લેવાની રહેશે તેમ આદેશમાં સ્પષ્ટ જણાવાયુ છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા વહીવટીતંત્રએ ૬ જેટલા કારકુનો ઉપરાંત નવ જેટલા નાયબ મામલતદારોની આંતરિક બદલી સાથે ચૂંટણીની મંજૂર થયેલ જગ્યાઓ પર નિમણુંક આપતા હુકમો કરી દીધા છે. ૪ નાયબ મામલતદારોની બદલી તા.પં. જિ.પં.ની ચૂંટણીની કામગીરી સંદર્ભે કરવામાં આવી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.



વાવોલ જવાના માર્ગે કારડીયા હોસ્ટેલની પાસે મહાત્મા મંદિરનું સાઈન બોર્ડ ઘણા સમયથી જમીનદોસ્ત થઈને પડયું છે. હાલમાં મહાત્મા મંદિર ખાતે કોઈ મોટા કાર્યક્રમો ન હોવાથી બોર્ડ લગાવવાની દરકાર તંત્ર દ્વારા કરવામાં આવતી નથી.

# કોલવડા ઝુંપડાવાસીઓની આવાસ યોજનાના રીનોવેશન માટે ૨૫ લાખ ખર્ચાયા

ગાંધીનગર તા ૩૦

કોલવડા નજીક સ્થિત ઝુંપડાવાસીઓની આવાસ યોજનાને અનુલક્ષીને વર્ષો પુર્વે ૮૦૦ જેટલા આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જયારે હાલમાં પણ આ આવાસ યોજના અન્વયે ૧૮૪ મકાનો ખાલી છે. વર્ષોથી બિનઉપયોગી રહેલા આવાસોના રીનોવેશન પાછળ પણ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ કરાયો છે. ત્યારે આગામી દિવસોમાં બાકી રહેતા લાભાર્થીઓને આ આવાસો ફાળવી દેવાશે.

ગાંધીનગરમાં કોલવડા પાસે કરોડોના ખર્ચે ઝુંપડાવાસીઓ માટે આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. વર્ષો પુર્વે જ આ આવાસ યોજના તૈયાર કરી દેવાયા બાદ લાભાર્થીઓનો આવાસ પણ ફાળવી દેવાયા હતા જયારે કેટલાક કીસ્સામાં આવાસોની ફાળવણી બાકી રહેતા આવાસ યોજનાના અંદાજિત ૧૮૪ મકાનો છેલ્લા ઘણાં સમયથી ખાલી છે. આવાસ યોજનામાં મકાનો ખાલી રહેતા ઉપયોગના અભાવે પણ મકાનો ખંડેર બનતા તંત્ર દ્વારા થોડા સમય અગાઉ આ આવાસોનુ રીનોવેશન પણ કરાયુ હતુ જેમાં બારી દરવાજા કલર તેમજ ઈલેક્ટ્રીફીકેશનની કામગીરી કરવામાં આવી હતી.




આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મિક એકતા જળવાઈ રહે સાથે પર્યાવરણની જાળવણી થાય તે હેતુથી સંસ્કાર ગ્રુપના બાળક વિવેક જોષી એ પોતાના ઘરે જ ગણપતિજીની મૂર્તિ બનાવીને બાપાનું વિસર્જન પણ ઘરમાં જ કર્યું હતું. જે સંસ્થા માટે પ્રશંસનીય બાબત છે.

# ચિલોડા જનકપુરી સોસાયટીમાં ભાવપૂર્વક માટીના ગણેશજીની સ્થાપના બાદ વિસર્જન કરાયું

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત જનકપુરી સોસાયટીમાં રહેતા નટુભાઈ પટેલ (પત્રકાર)ના નિવાસસ્થાને ભાદરવા સુદ-ચોથ ગણેશ ચતુર્થીના દિવસે શાસ્ત્રીજી રાજુભાઈ રાવલ દ્વારા શાસ્ત્રોક્ત વિધિવત શ્રીજીની માટીની મૂર્તિનું સ્થાપન કર્યુ હતુ. દરરોજ સાત દિવસ સુધી સવાર-સાંજ ભાવિકભક્તજનો દ્વારા આરતી ગણેશવંદન-થાળ ગણેશજીની ભાવપૂર્ણ ભક્તિમય માહોલથી પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ સાતમા દિવસે ઘર આંગણે શણગારેલા પ્લાસ્ટીકના ટબમાં શાસ્ત્રીજીએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પારિવાહિક પરિવારજનોએ વિસર્જન કરાવ્યુ હતુ. આ પ્રસંગે અબીલ-ગુલાલ ઉડાડી રંગેચંગે શ્રીજીની વિદાય આપી પ્રસાદ લઈ ભક્તજનોએ ધન્યતા અનુભવી હતી.









ગાંધીનગર જિલ્લામાં સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે ઓદ્યોગિક એકમો ખાતે મોકડ્રીલ તેમજ સેફટી સેમિનારનુ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જે અન્વયે માણસાના પરબતપુરા ગામમાં પણ ગોકુલ ફ્રીઝીંગ હાઉસ પ્રા લિ ખાતે એમોનિયા ગેસ લિકેજની મોકડ્રીલ યોજવામાં આવી હતી.

# એશિયાખંડનો ‘નોબલ’ ગણાતો મેગ્સેસે પુરસ્કાર દેશના ૧૧ પ્રતિભાવંત પત્રકારોને મળી ચૂક્યો છે

રમન મૈગ્સેસે એવોર્ડ એશિયાની વ્યક્તિઓ તેમજ સંસ્થાઓને તેમના ક્ષેત્રનું ઉલ્લેખનીય કાર્ય માટે આપવામાં આવે છે, જેને એશિયાનો નોબલ પુરસ્કાર પણ કહેવામાં આવે છે. રમન મૈગ્સેસે પુરસ્કાર ફાઉન્ડેશન દ્વારા ફિલિપિન્સના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મૈગ્સેસેની યાદમાં આપવામા આવતો હોય છે. આ એવોર્ડ ન્યૂયોર્ક સ્થિત રોકફેલર સોસાયટી અને ફિલિપિન્સ સરકાર ભેગા મળીને આપે છે. આ પુરસ્કાર રેમન મૈગ્સેસેના જન્મદિન ૩૧મી ઓગષ્ટે પ્રદાન કરવામાં આવે છે જેની રાશિ ૫૦,૦૦૦ ડોલરની છે, જેની સ્થાપના ૧૯૫૭માં થઈ હતી. વિશ્વના દેશોમાં કોરોના સંક્રમણના કારણે ૨૦૨૦નો એવોર્ડ સંસ્થા તરફથી રદ્દ કરી દેવામાં આવ્યો છે.

## પૂર્વ રાષ્ટ્રપતિના જન્મદિન ૩૧મી ઓગષ્ટે અપાતા એવોર્ડ કોરોના સંક્રમણના કારણે ૨૦૨૦માં રદ્દ

**● આટલા વર્ષોમાં ત્રીજીવાર એવોર્ડ રદ્દ થયો છે...**

શરૂઆતથી જ આ પુરસ્કારની સંકલ્પના જનતાની સેવાની ભાવનાઓની મહાનતા પ્રદર્શિત કરવા માટે થઈ હતી જેની ક્ષેત્ર સીમામાં પૂર્વ, દક્ષિણ-પૂર્વ, દક્ષિણ એશિયા તેમજ એશિયામાં રહેનારા કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. આટલા વર્ષોમાં અનિવાર્ય કારણોસર ત્રીજી વખત ૨૦૨૦માં આ એવોર્ડ રદ્દ કરવામાં આવ્યો છે. આ એવોર્ડ રદ્દ કરવાનું કારણ વિશ્વના દેશોમાં ફેલાયેલું કોરોના સંક્રમણ છે. ફિલિપિન્સના સાતમા રાષ્ટ્પતિ રમન મૈગ્સેસે એ ૧૯૫૦ના દસકમાં ફિલિપિન્સમાં જમીન સુધારણા કાર્યક્રમ ચલાવ્યો હતો અને કોમ્યુનિસ્ટની ઘૂસણખોરીને નાકામિયાબ બનાવી હતી, જેના કારણે તેઓ વિશ્વમાં લોકપ્રિય બન્યાં હતા. ૩૧મી ઓગષ્ટ ૧૯૦૭માં જન્મેલા મૈસસેસેનું ૧૭મી માર્ચ ૧૯૫૭માં એક વિમાન દુર્ઘટનામાં અવસાન થયું હતું. તેમના અવસાનના એક મહિના પછી ન્યૂયોર્ક સ્થિત રોફેલર બ્રધર્સ ફંડ તરફથી ફિલિપિન્સની સરકાર સાથે મળીને આ એવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી.

**● ભારતના ૫૭ મહાનુભાવોને આ બહુમાન મળ્યું છે...**

ભારતમાં ૨૦૧૯ના વર્ષનો પુરસ્કાર પત્રકારત્વ શ્રેણીમાં રવિશકુમારને આપવામાં આવ્યો હતો. તેમની સાથે મ્યાંમારના કો સ્વેવિન, થાઈલેન્ડના અંગખાના નિલાપાઈજિત, ફિલિપિન્સના રેમુન્ડો પુજાંતે, દક્ષિણ કોરિયાના કિમ જોંગને એવોર્ડ મળ્યો હતો.

અત્યાર સુધીમાં ૫૭ જેટલા ભારતીયો આ સન્માન પ્રાપ્ત કરી ચૂક્યાં છે. આ એવોર્ડ (૧) ગવર્મેન્ટ સર્વિસ, (૨) પબ્લિક સર્વિસ, (૩) કોમ્યુનિટી લિડરશીપ, (૪) જર્નાલિઝમ, લિટરેચર એન્ડ ક્રિયેટીવ કોમ્યુનિકેશન આર્ટ્સ, (૫) પીસ એન્ડ ઈન્ટરનેશનલ અંડરસ્ટેન્ડીંગ તેમજ (૬) ઈમર્જીંગ લિડરશીપ જેવા છ ક્ષેત્રોમાં આપવામાં આવે છે.

**● પહેલો એવોર્ડ વિનોબા ભાવેને મળ્યો હતો...**

ભારતમાં પહેલો મૈસસેસે એવોર્ડ ૧૯૫૮માં કોમ્યુનિટી લિડરશીપ માટે વિનોબા ભાવેને આપવામાં આવ્યો હતો. બીજો એવોર્ડ ૧૯૫૯માં ગવર્મેન્ટ સર્વિસમાં સીડી દેશમુખને મળ્યો હતો. આ બહુમાન પામનારા ભારતીયોમાં વર્ગીસ કુરિયન, અમિતાભ ચૌધરી, ઈલા ભટ્ટ, સત્યજીત રે, જયપ્રકાશ નારાયણ, અરૂણ શૌરી, મણીભાઈ દેસાઈ, આરકે લક્ષ્મણ, ત્રિભુવનદાસ પટેલ, પાંડુરંગ આઠવલે, પંડિત રવિશંકર, કિરણ બેદી, મહેશચંદ્ર મહેતા, મહાશ્વેતાદેવી, જેમ્સમાઈકલ લિંગદોહ, અરવિંદ કેજરીવાલ, પ્રકાશ આમ્ટે, મંદાકિની આમ્ટે, ભરત વાટવાની, શાંતા સિંહા અને સોનમ વાંગચુક જેના નામી મહાનુભાવોનો સમાવેશ થાય છે.





**● પત્રકારિત્વ શ્રેણીમાં રવીશકુમાર ૧૧મા પત્રકાર...**

મૈગ્સેસે એવોર્ડ માટે વિભાજીત થયીલ શ્રેણીઓમાં જર્નાલિઝન, સાહિત્ય અને ક્રિયેટીવ કોમ્યુનિકેશન આર્ટને એક જ શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. આ શ્રેણીમાં એવોર્ડ પ્રાપ્ત કરનારા ઈલેક્ટ્રોનિક મિડીયાના સિનિયર જર્નાલિસ્ટ રવીશકુમાર ૧૧મા ભારતીય વ્યક્તિ છે. કોઈપણ ઘટનાની છણાવટની તેમની અલગ સ્ટાઈલથી તેઓ ભારતભરમાં પોપ્યુલર બનેલા છે. ૧૨ વર્ષ પછી ૨૦૧૯માં કોઈ ભારતીય જર્નાલિસ્ટને આ એવોર્ડ મળ્યો હતો.

## ભારતના ૫૭ જેટલા મહાનુભાવોને આ ઉચિત સન્માન મળ્યું છે જેમાં પહેલાં વિનોબા ભાવે હતા

તેમના પહેલાં આ શ્રેણીમાં પાલગુમ્મી સાંઈનાથ (૨૦૦૭), મહાશ્વેતાદેવી (૧૯૯૭), રવિશંકર (૧૯૯૨), કેવી સુબબના (૧૯૯૧), રાશીપુરમ લક્ષ્મણ (૧૯૮૪), અરૂણ શૌરી (૧૯૮૨), ગોર કિશોર ઘોષ (૧૯૮૧), બૂબલી જોર્જ વર્ગીસ (૧૯૭૫), સત્યજીત રે (૧૯૬૭) અને અમિતાભ ચૌધરી (૧૯૬૧)નો સમાવેશ થાય છે.

## કરપ્શન ખુલ્લું પાડનારા આઇએફએસ અધિકારી સંજીવ ચતુર્વેદી મેગ્સેસે પુરસ્કારથી સન્માનિત

**● અંશુ ગુપ્તાનો ધ્યેય - ગામડાના ગરીબોની સેવા...**

ગુંજ નામની એનજીઓની સ્થાપના કરનારા અંશુ ગુપ્તાને ૨૦૧૪માં મૈગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો હતો. થોડો સમય કોર્પોરેટ વર્લ્ડમાં કામ કર્યા પછી ૧૯૯૯માં તેમણે ગુંજ નામની એનજીઓ શરૂ કરી હતી. તેમના દાન કરવાના ક્રિયેટીવ વિઝન તેમજ દુનિયાને ગીવીંગ એટલે કે સેવા કરવા માટેનું અમૂલ્ય માર્ગદર્શન આપવા બદલ આ મહામૂલો એવોર્ડ આપવામાં આવ્યો હતો. ભારતના એક સામાજીક કાર્યકર અને ઉત્તર પ્રદેશના મૈરૂતમાં જન્મેલા અંશુ ગુપ્તાની સંસ્થા ગુંજ ગરીબોની જરૂરિયાતો પૂરી કરે છે. આ સંસ્થાનું કામ શહેરોમાં બિનઉપયોગી સામાનને બીજા લોકોના ઉપયોગમાં લેવા માટે ગામડાઓમાં પહોંચાડવાનું છે. દેશના ૨૧ રાજ્યોમાં ગુંજ સંગ્રહણ કેન્દ્ર કામ કરી રહ્યાં છે.

**● ભ્રષ્ટાચારને ખુલ્લો પાડનાર ચતુર્વેદીને બહુમાન...**

સંજીવ ચતુર્વેદી એ ૨૦૦૨ની બેચના આઈએફએસ અધિકારી છે જેમને ૨૦૧૫માં મૈગ્સેસે એવોર્ડ એનાયત થયો છે. તેઓ કિરણ બેદી પછી બીજા સર્વિસ બ્યુરોક્રેટ છે કે જેમને આ પુરસ્કાર મળ્યો છે. ચતુર્વેદીએ એમ્સના સીવીઓ હતા ત્યારે ભ્રષ્ટાચારના ૨૦૦થી વધુ કેસો સામે લાવ્યા હતા જે પૈકી ૭૮ કેસોમાં ભ્રષ્ટ લોકોને સજા થઈ હતી. ૮૭ કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી અને ૨૦ કેસોમાં સીબીઆઈની તપાસ શરૂ થઈ છે. તેઓ કહે છે કે “હું વ્યવસ્થામાં સુધારો કરવા માગું છું અને તેના માટે કાર્ય કરી રહ્યો છું.” તેઓ પ્રખ્યાત વ્હીસલ બ્લોઅર છે. એમ્સમાં તેમણે ભ્રષ્ટાચારના કેસો શોધ્યાં હતા. એમ્સમાંથી હટાવ્યા પછી એવું કહેવામાં આવ્યું હતું કે તેમને રાજકીય દબાણમાં હટાવાયા છે. ૩૭૫૦ કરોડ રૂપિયાની એમ્સની વિસ્તાર યોજનામાં થયેલી ખાયકી સામે તેમણે અનેક સવાલો ઉભા કર્યા હતા. એમ્સમાં જોડાયા પહેલાં તેઓ હરિયાણામાં ફરજ બજાવતા હતા ત્યારે તે રાજ્યમાં પણ તેમણે ભ્રષ્ટાચાર સામે જંગ ખેલ્યો હતો. તેમને અનુકરણીય અખંડિતતા, હિંમત અને સરકારી ઓફીસમાં થતા ભ્રષ્ટ્રાચારને દેશ સમક્ષ ખુલ્લા પાડવા માટે આ મહાન એવોર્ડ આપવા આવ્યો હતો.

**● જેમની સ્પીચના લોકો દિવાના છે તે રવીશકુમાર...**

રવીશકુમાર એનડીટીવીના સંપાદક છે અને હમલોગ તેમજ રવીશ કી રિપોર્ટના હોસ્ટ છે. તેઓ પ્રાઈમ ટાઈમ અને દેશકી બાતના હોસ્ટ રહી ચૂક્યાં છે. ૨૦૧૬માં ઈન્ડિયન એક્સપ્રેસ અખબારે સૌથી પ્રતિભાશાળી ૧૦૦ ભારતીય વ્યક્તિઓની સૂચિમાં રવીશકુમારને સ્થાન આપ્યું હતું. તેઓ જન્મે બિહારી બ્રાહ્મણ છે. જર્નાલિઝમમાં તેમને ગરીબોનો અવાજ સાર્વજનિક મંચ પર ઉઠાવવાના કામ માટે ૨૦૧૯માં મૈગ્સેસે પુરસ્કાર આપવામાં આવ્યો છે. તેમનું પુસ્તક ધ ફ્રી વોઈસ – ઓન ડેમોક્રેસી, કલ્ચર એન્ડ ધ નેશન – ખૂબ પોપ્યુલર બન્યું છે જે ભારતની યથાર્થ ગાથા છે અને તેને તથ્યોના સહારે તૈયાર કરવામાં આવ્યું છે.

**● છ ક્ષેત્રોમાં કુલ કેટલા એવોર્ડ અપાયા છે...**

ઈમર્જીંગ લિડરશીપમાં અત્યાર સુધીમાં કુલ ૧૮, અનકેટેગરાઈઝ્ડમાં ૫૪, ગવર્મેન્ટ સર્વિસમાં ૪૭, પબ્લિક સર્વિસમાં ૬૦, કોમ્યુનિટી લિડરશીપમાં ૫૯, જર્નાલિઝમ અને અન્યમાં ૫૧, પિસ એન્ડ ઈન્ટરનેશનલ અંડરસ્ટેન્ડીંગમાં ૪૬ એવોર્ડ આપવામાં આવ્યા છે. આટલા વર્ષોમાં કુલ ત્રણ વખત એવોર્ડ રદ્દ કરવામાં આવેલા છે જેમાં કોરોના સંક્રમણના કારણે ૨૦૨૦માં આ એવોર્ડ આપવામાં આવ્યો નથી.